અપીલ અરજી નં.૨૬૦ તા.૧૩–૯–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા.૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેર બેગમપુરા,દુધારાશેરીનાકે મિલ્કત નંબર ૪/૩૭૩ માલીકે નવું બાંધકામ કર્યા બાદ વસવાટ B.U.C ની પરવાનગી સુ.મ.ન.પા. પાસે મેળવેલ નથી તેવું આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ સે.ઝોન./આ.નં./૭૫૯ તા. ૧૭–૧૧–૦૭ના પત્રમાં જણાવેલ, તેમ છતાં ૪/૩૭૩ વાળી મિલ્કતના માલીકે હાલ તા. ૧–૮–૧૧, તા. ૮–૮–૧૧ દરમિયાન પાણીનું કનેકશન બેગમપુરા મપારાશેરીમાં ટ્રાન્સફર કરાવેલ આ કનેકશન બાબતે પાણી ખાતા તરફથી કેટલા રૂપિયા ખોદાણ ચાર્જ વસુલ કરવામાં આવ્યો તેમજ કેટલા રૂપિયા પ્રિમીયમ વસુલ કરવામાં આવ્યું(B.U.C) લેવામાં ન આવતાં તે તમામ પૈસા ભરેલાની રસીદની સર્ટીફાઈડ કોપી આપવી તેમજ માહિતી આપો વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૬૦/ ૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ પટેલની તા.૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેર બેગમપુરા, દુધારાશેરીનાકે મિલ્કત નંબર ૪/૩૭૩ માલીકે નવું બાંધકામ કર્યા બાદ વસવાટ B.U.C ની પરવાનગી સુ.મ.ન.પા. પાસે મેળવેલ નથી તેવું આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ સે.ઝોન./આ.નં./૭૫૯ તા. ૧૭–૧૧–૦૭ના પત્રમાં જણાવેલ, તેમ છતાં ૪/૩૭૩વાળી મિલ્કતના માલીકે હાલ તા. ૧–૮–૧૧, તા. ૮–૮–૧૧ દરમિયાન પાણીનું કનેકશન બેગમપુરા મપારાશેરીમાં ટ્રાન્સફર કરાવેલ આ કનેકશન બાબતે પાણી ખાતા તરફથી કેટલા રૂપિયા ખોદાણ ચાર્જ વસુલ કરવામાં આવ્યો તેમજ કેટલા રૂપિયા પ્રિમીયમ વસુલ કરવામાં આવ્યું(B.U.C) લેવામાં ન આવતાં તે તમામ પૈસા ભરેલાની રસીદની સર્ટીફાઈડ કોપી આપવી તેમજ માહિતી આપો વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩– ૯–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા **તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે પાણી ડ્રેનેજ કનેકશન અંગે અરજદારે માંગેલ માહિતીની દફતરી હકીકત પણ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૩ તા.૨૬–૯–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ કર્યાબાદ અને અપીલીય કાર્યવાહી દરમ્યાન માહિતી મળે તો ત્યારબાદ નારાજગી હોય તો આધાર સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૩–૧૦–૧૧ ના રોજ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૪૦ તા.૨૩–૯–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અગાઉની તા.૬–૧૧–૧૦ અંગે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૭૫૯ તા.૧૭–૧૧–૦૭ ના પત્રની નકલ તથા તા.૫–૧૨–૦૭ ની અરજી બાબતે ટીડીઓ/૪૨૩૭ તા.૨–૧–૦૮ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી બેગમપુરા દુધારાશેરીના નામે મિલ્કત નં.૪/૩૭૩ નળ જોડાણ તથા ગટર જોડાણ અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળતાં અરજદારે તા.૧૩–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી બંને પક્ષકારો પાસે પૂરક વિગતો માંગવામાં આવેલ. અપીલ દરમ્યાન જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૪૦ તા.૨૩–૯–૧૧ થી સમય અવધિ બાદ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ. અરજદારના અરજીના મુદ્દા નં.(૧) સુરત શહેર

બેગમપુરા, દુધારાશેરીનાકે મિલ્કત નંબર ૪/૩૭૩ માલીકે નવું બાંધકામ કર્યા બાદ વસવાટ B.U.C ની પરવાનગી સુ.મ.ન.પા. પાસે મેળવેલ નથી તેવું આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ સે.ઝોન./ આ.નં./૭૫૯ તા. ૧૭–૧૧–૦૭ના પત્રમાં જણાવેલ, તેમ છતાં ૪/૩૭૩વાળી મિલ્કતના માલીકે હાલ તા. ૧–૮–૧૧, તા. ૮–૮–૧૧ દરમિયાન પાણીનું કનેકશન બેગમપુરા મપારા શેરીમાં ટ્રાન્સફર કરાવેલ આ કનેકશન બાબતે પાણી ખાતા તરફથી કેટલા રૂપિયા ખોદાણ ચાર્જ વસુલ કરવામાં આવ્યો તેમજ કેટલા રૂપિયા પ્રિમીયમ વસુલ કરવામાં આવ્યું(B.U.C) લેવામાં ન આવતાં તે તમામ પૈસા ભરેલાની રસીદની સર્ટીફાઈડ કોપી આપવી તેમજ માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર શ્રી ધ્વારા જણાવેલ નોંધ નં.૪/૩૭૩ વાળી મિલ્કત બાબતે મકાન માલિક /મિલ્કતદાર ધ્વારા સેન્ટ્રલઝોનના પાણી ખાતામાં તા.૩–૮–૧૧ ના દિને તેઓની મિલ્કતનું હયાત નળ કનેકશન ટ્રાન્સફર માટે અરજી કરવામાં આવેલ. જે અંગે સેન્ટ્રલઝોન કક્ષાએથી તા.૪–૮–૧૧ ના રોજ નળ કનેકશન ટ્રાન્સફર મંજુરી આપવામાં આવેલ અને તે અંગેના નિયત ચાર્જીસ રૂા.૧૫૦/– બોરીંગ ફી, રૂા.૧૫૦/– કટીંગ ફી અને રૂા.૧૨૮૭/– રોડ રીકન્સ્ટ્રકશન ચાર્જ અનુક્રમે રસીદ નં.૩૧૧૮૦૪, ૩૧૧૮૦૫ તથા ૪૯૭૦૦૩ થી તા.૫–૮–૧૧ ના દિને વસુલ લેવામાં આવેલ. તેના અનુસંધાને સદરહુ મિલ્કતનું હયાત નળ કનેકશન ગલેમંડી રોડ તરફે મુખ્ય નળીકા પર તા.૨૨–૮–૧૧ ના દિને બંધ કરેલ છે. તથા નવુ નળ કનેકશન તા.૨૨–૮–૧૧ ના દિને મપારા શેરી રોડ તરફથી થયેલ નવા નળ કનેકશનને કાર્યરત કરી આપેલ છે. ઉકત વિગતે ભરપાઈ થયેલ ચાર્જીસની રસીદની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) અગાઉ ૪/૩૭૩ વાળી મિલ્કતના માલીકે સુમનપા પાસે રોડ સાઈડના ભાગે કેટલા પાણીના કનેકશન મેળવેલ તેમજ આ કનેકશન પેટે સુમનપાના પાણી ખાતા તરફથી કેટલા રૂપિયા પ્રિમીયમ વસુલ કરવામાં આવેલ તેની રસીદની નકલ તેમજ માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૪/૩૭૩ વાળી મિલ્કતના માલિક/મિલ્કતદાર ધ્વારા ઉપલબ્ધ રેકર્ડ મુજબ ગલેમંડી મેઈન રોડ તરફે પાણીનું એક નળ કનેકશન ફાળવેલ તેમજ મપારા શેરી રોડ તરફ એક પણ નળ કનેકશન ફાળવેલ નથી. વધુમાં સદર મિલ્કતના મિલ્કતદાર/કબ્જેદાર ધ્વારા વધુ એક નળ કનેકશન મેળવવા માટે તા.૨૪–૮–૧૧ ના રોજ નવા નળ કનેકશન માટે અરજી કરવામાં આવેલ. જે નળ કનેકશનની મંજુરી તા.૨૪–૮–૧૧ ના દિને આપવામાં આવેલ. જેમાં (અ) રૂા.૫૦૦૦/– પ્રિમિયમ તથા (બ) રૂા.૧૦૦/– બોરીંગ ફી રસીદ નં.૩૧૧૮૧૩ તા.૨૬–૮–૧૧ ના રોજ અને (ક) રૂા.૨૩૮/– રોડ રીકન્સ્ટ્રકશન ચાર્જ રસીદ નં.૪૯૭૦૧૧ તા.૨૬–૮–૧૧ ના દિન ભરપાઈ કરીને ફાળવવામાં આવેલ છે. ઉપરોકત ભરપાઈ થયેલ ચાર્જીસની રસીદની નકલ આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ૪/૩૭૩ મિલ્કતના માલીકે બાંધકામ થઈ ગયા બાદ ડ્રેનેજ કનેકશન મેળવવા માટે સુમનપામાં કેટલા રૂપિયા પ્રિમિયમ ભરવામાં આવ્યુ તેની રસીદની કોપી ફાળવવી તેમ માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૪/૩૭૩ વાળી મિલ્કતના માલીકે પ્રવર્તમાનમાં નવું બાંધકામ થઈ ગયા બાદ ડ્રેનેજ કનેકશન મેળવવા માટે સુમનપામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ આજ દિન સુધી અરજી કરેલ નથી. તથા તે વિગતના અનુસંધાને આજ દિન સુધી સદરહુ મિલ્કતમાં ડ્રેનેજ કનેકશનની પુનઃ ફાળવણી/પરવાનગી/મંજુરી આપેલ નથી. વધુમાં ઉકત મિલ્કતમાં સ્થળ પર અગાઉથી અર્થાત નવું બાંધકામ થયા અગાઉ હયાત મિલ્કતનું ડ્રેનેજ કનેકશનની સુવિધા કાર્યરત છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતીના મુદ્દા નં.૧ થી ૩ ની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે તેમની તા.૩–૧૦–૧૧ની પૂરક વિગતોમાં મુદ્દા નં.૧ અને ૨ માં જણાવ્યા મુજબની રસીદની નકલો મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. તેમજ આપેલ માહિતીમાંથી અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન(૧) નળ જોડાણ ટ્રાન્સફર કરેલ છે જેમાં મિલ્કતનું બાંધકામ નવું હોય પ્રિમિયમની વસુલાત કરી નથી શા માટે (૨) ચોમાસામાં ખોદકામની મંજુરી મળતી નથી તો એક જ દિવસમાં કનેકશન કેમ મંજુર કરવામાં આવ્યું મુદ્દા નં.૧ રોડ સાઈડ કનેકશન રદ કરી મપારા શેરી ખાતે ટ્રાન્સફર કરી બીજુ નળ કનેકશન શા માટે આપવામાં આવ્યુ તે ખોટુ છે. (૩) પ્રિમિયમ ન ભરવું પડે તે માટે બાજુની મિલ્કતમાં ડ્રેનેજ કનેકશન જોડી દેવામાં આવે છે ડ્રેનેજ પ્રિમિયમ વસુલ ન કરવામાં આવ્યું તેમજ કોઈ મિલ્કતદાર બીજાના કનેકશનમાં જોડાણ કરી શકે? અગાઉ ડ્રેનેજ કનેકશન હતું નહીં જુના કનેકશનની વાત ખોટી છે. (૪) જુના મિલ્કતના ભોંય તળીયે ભાડુત ધીરૂભાઈ પંચાલ અને પ્રથમ માળે હીરાભાઈ પંચાલ ના નળ જોડાણ હતા જ નહીં જે નળ જોડાણ વેળાએ ધ્યાન લીધેલ નથી. આગળના ભાગે માલિક લીલાવતી બેનનું જોડાણ પણ હતું નહીં તો કયા કાયદા અને નિયમ મુજબ નળ જોડાણ ટ્રાન્સફર કરવામાં આવ્યું સુમનપાને ગેરમાર્ગે દોરી બે નળ જોડાણ ચાલુ કરાવાયા છે આગળ કેન્સલ કરી પાછળ એક જ બાજુએ બંને કનેકશનો શા માટે ન કરાયા તેવા પ્રશ્નો અપીલ તબકકે મુળ અરજીથી અલાયદાઉપસ્થિત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ માં જણાવ્યા મુજબની રસીદની નકલો અરજદારને નહીં પૂરી પાડયાની રજૂઆતને ધ્યાને લઈ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. અરજદારે આ સિવાયની અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન અંગે આરટીઆઈ કાયદાના નિયમ અને જોગવાઈ અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ